જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/03/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૦૮/૧૮

## અમદાવાદ શહેર એરપોર્ટ ખાતે એટીસી ટાવરના લેન્ડલાઇન ઉપર ફોન કરી અમદાવાદ આવતી ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં બોમ્બ હોવાની ધમકી આપનાર ઇસમને પકડી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથાનાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકીએસઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરતથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.ડી.પરમાર એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ ગઇ તા.૧૬/03/૨૦૧૮ ના રોજ કલાક ૦૧/૨૮ વાગે અમદાવાદ એરપોર્ટના એટીસી ટાવરના લેન્ડલાઇન ફોન ઉપર સામેનો ફોન નંબર ૮૨૪૪ઉપરથી ફોન આવેલ અને જણાવેલ કે, **"કોકાકોલા ટીનમાં બોમ્બ લઇને આવું છુ તમે દેખી લો, ઇન્ટેલીજન્સ રીપોર્ટ આ ગઇ હોગી મેં સીરીયા સે બાત કરતા હું જો બોમ્બ ઇજીપ્ત વાલી પ્લેન મેં યુઝ કીયા થા વહી યુઝ કરનેવાલે હૈ આઇએસ.આઇ.એસ. મેં મેરે દોસ્ત હૈ ઉનકે થ્રુ ઇન્ફરમેશન મિલા હૈ મેં એક ઇન્ડીયા કા અંડરકવર એજન્ટ હું"**તેમ જણાવી ફોન કાપી નાંખેલજે અનુસંધાને સરદારનગર પો.સ્ટે.જા.જોગ.નં.૨૬/૨૦૧૮ તા.૧૬/03/૨૦૧૮ થી દાખલ થયેલ જે બાબતે તપાસમાં રહેવા સુચના કરેલ. જે અનુસંધાને પોસઇ શ્રી જેકે.રાઠોડ તથા ટેકનીકલ પોસઇ શ્રી એચ.જી.પટેલ તેમજ એસ.ઓ.જી. સ્ટાફ નાઓએ ટેકનીકલ સર્વેલન્સનાં માધ્યમથી આ ફોન કરનાર ઇસમ પ્રિતેશ ત્રિવેદી મો.નં.૭૪૮૭૦૯૯૯૨સરનામું:પ્લોટ નં.૨૬૬/3, વોર્ડ નં.3/એ, આદિપુર, ગાંધીધામ કચ્છનું મળી આવેલ.જેથી ગાંધીધામ ખાતે જઇ તપાસ કરી સદરીને ઝડપી લીધેલ જેનું નામઠામ પુછતાં પ્રિતેશ દિવ્યેશભાઇ ત્રિવેદી ઉવ.૨૭ ધંધોઃમેડીકલ ટ્રેડીંગ અને ભંગારનો રહે, બ્લોક નં.૪૦૧, ફ્લેટ નં.૦૭, વોર્ડ નંબર 3બી, બેંક ઓફ ઇન્ડીયાની સામે, આદીપુર તાજી.કચ્છ નો હોવાનું જણાવેલ જેની ફોન બાબતે પુછપરછ કરતાં ગઇ તા૧૬/03/૨૦૧૮ ના રોજ મો.નં.૭૪૮૭૦૯૯૯૨ થી જસ્ટ ડાયલ માં કોલ કરી અમદાવાદ એરપોર્ટ એટીસી ટાવર નો નંબર મેળવીમોબાઇલમાં રહેલ**SKYPE**નામની એપ્લીકેશનમાંથી ફોન કરેલ અને ઉપરોકત ધમકી આપેલાની કબુલાત કરેલ.

સદરહું બાબતે પુછપરછ કરતાં સદર આરોપી પોતે યુ ટ્યુબ ઉપર એર ક્રેશ ઇન્વેસ્ટીગેશન નામના વીડીયો જોવાની ટેવ હોય તેના કારણે એરપોર્ટ ઉપર આવો ફોન કરવાનો વિચાર આવેલ અને ગુજરાતની પોલીસ આ શોધી શકે છે કે નહી તે જાણવા ઇન્ટરનેટ ઉપરથીઅમદાવાદ એરપોર્ટ એટીસી ટાવરનો નંબર મેળવી **SKYPE**નામની એપ્લીકેશનમાંથી પોતાના મોબાઇલમાંથી ફોન કરેલ તથા સદરહું ઇસમ ગાંધીધામ કચ્છ પુર્વ પોલીસ કન્ટ્રોલ રૂમને વારંવાર ખોટા ફોન કરવાની ટેવવાળો છે.સદર ઇસમે એમ ફાર્મ સુધીનો અભ્યાસ રાજકોટ આત્મીય યુનિર્વસીટી ખાતે કરેલ છે

જેથી આ બાબતે સરદારનગર પો.સ્ટે.ફ.ગુ.ર.ન.૯૮/૧૮ ઇપીકો કલમ ૧૨૪(ક), ૧૭૭ તથા ઇન્ફ્રમેશન ટેકનોલોજી એક્ટ સને ૨૦૦૮ ની કલમ ૬૬(એ) મુજબનો ગુનો દાખલ થયેલ હોય તેની પાસેનો મોબાઈલ ફોનઓપો કંપનીનો કિ.રૂ.૧૦૦૦૦/- તથા આસુસ કંપનીનું નોટપેડ ક્રિ.૫૦૦૦/- તથા ચાર્જર કિ.રૂ.૨૦૦/- ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરી આરોપીને આજરોજ તા.૨૯/૦૩/૨૦૧૮ ના કલાક ૧૩/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ અટક કરવામાં આવેલ છે.તા.૨૯/૦૩/૨૦૧૮

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

*** નારોલ પોલીસ સ્ટેશન ***

**વટવા પોલીસ સ્ટેશનના ખુનની કોષીંશના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ નાઓના માર્ગદર્શન અને અધિક નાયબ પો.કમી શ્રી "કે" ડીવીઝન સાહેબ તથા નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેકટર શ્રી આર.એ.જાદવ સાહેબ નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો આરોપીઓને શોધી કાઢવા સારૂ કરેલ સુચના આધારે પો.સ.ઇ એ.એસ.પરમાર તથા સાથેના પો.કો. અભિજીતસિંહ કાકુભા બનં ૬૨૦૭ તથા પો.કો. હરદીપસિંહ વિજયસિંહ બનં ૧૧૮૭ તથા પો.કો. પો.કો. જીલુભાઇ મેરામભાઇ બ.નં. ૫૫૨૧ તથા પો.કો. સહદેવસિંહ દેવેન્દ્રસિંહ નાઓ સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. અભિજીતસિંહ કાકુભા તથા પો.કો. હરદીપસિંહ વિજયસિંહ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૪/૧૮ ઇપીકો કલમ ૩૦૭ ૧૧૪ તથા જીપી એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં છેલ્લા ત્રણ માસથી નાસ્તા ફરતા આરોપી વિશાલ વિરેન્દ્રભાઇ રાજપુત ઉવ.૨૨ રહે, મ.નં. બી/૨૧ શ્રી રામનગર બચુભાઇનો કુવો વટવા અમદાવાદ શહેર જે ગુનામાં છેલ્લા ત્રણ માસથી નાસતો ફરતો હોય જે આરોપીને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તા.૨૮/૦૩/૧૮ ના કલાક.૧૩/૦૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી ગુનાની તપાસના કામે વટવા પો.સ્ટેશન ખાતે સોંપેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન :**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**મિલ્કત સબંધી**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨૪૫/૨૦૧૮ તા.૨૬/03/૨૦૧૮ પાસા અટકાયતી નામે નાસીરખાન ઉર્ફે પાંચીયો સ/ઓ મહેબુબખાન અલીખાન જાતે-પઠાણ ઉવ.૨૮ રહે, મ.નં.બી/૨૯ હજરત કલંદરનગર વહાબ મસ્જીદની પાસે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં કારંજ પો.સ્ટે. મિલ્કત સબંધી તથા વટવા પો. સ્ટે. મિલ્કત સબંધી દાખલ થયેલ ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૮/03/૨૦૧૭ ના કલાક ૧૨/30 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**પ્રોહીબીશન સબંધી**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨30/૨૦૧૮ તા.૨૨/03/૨૦૧૮ પાસા અટકાયતી નામે મોહસીન ઉર્ફે બછડો સ/ઓ સલીમભાઈ અલ્લારખાભાઈ જાતે-શેખ ઉવ.૨૪ રહે, બ્લોક નં. ૬૬ મ.નં.૨૧૦૭ સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો. સ્ટે. પ્રોહીબીશન સબંધી દાખલ થયેલ ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૮/03/૨૦૧૮ ના કલાક ૧૮/00 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

## <u>રામોલ પોલીસ સ્ટેશન :</u>

**<u>*એક પાસા આરોપીને પકડી પાસા હુકમની બજવણી કરતી રામોલ પોલીસ*</u>**

આ કામે હકિકત એવી છે કે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી ના પાસા હુકમ નં. (1) પીસીબી/ડીટીએન/પાસા/૨૪૮/૨૦૧૮ તા.૨૬.03.૧૮ થી પાસા અટકાયતી ગોવિંદસિંહ સ/ઓ રામનરેશસિંહ કુંવરસિંહ ચૌહાણ ઉ.વ.૨૪ ધંધો- અભ્યાસ રહે રહે.મ.નં.એ/૨ કર્મભુમી સોસાયટી સોમનાથ સોસાયટીની સામે ન્યુ.આર.ટી,ઓ રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ ગામ ભરઇપુરા તા.ભરતના થાના- ઇટાવા જી.ઇટાવા નાઓ ખુબ જ માથાભારે અને શરીર સબંધી ગુના કરવાની ટેવવાળો હોય જેને પાસા અટકાયતી તરીકે જામનગર જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા આજરોજ તા.૨૮.03.૨૦૧૮ ના ક.૧૮/30 વાગે પાસા હુકમની બજવણી કરી જામનગર જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપતી રામોલ પોલીસ અમદાવાદ શહેર. તા.28.03.2018.

## <u>સુરક્ષા સેતુ રથ:</u>

“ઇ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “ઇ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.